# ૧૩, ઓગષ્ટ–૨૦૧૫ (ગુરૂવાર)

**(૧) જસ્ટિસ જયંત પટેલ :–**
– જસ્ટિસ જયંત પટેલ ગુજરાત હાઇકોર્ટના એક્ટિંગ ચીફ જસ્ટિસનો કાર્યભાર સંભાળશે.
– તેઓ એક્ટિંગ ચીફ જસ્ટિસ વી.એમ. સહાય નિવૃત્ત થતાં તેમનું સ્થાન લેશે.
– જસ્ટિસ પટેલે ૧૯૭૯થી ડિસ્ટ્રીક્ટ કોર્ટ રાજકોટ ખાતેથી વકીલાત શરૂ કરી હતી.
– ૧૯૮૫માં તેઓએ હાઇકોર્ટમાં પ્રેક્ટીસ શરૂ કરી હતી.
– વર્ષ ૨૦૦૧માં તેઓની એડીશનલ જજ તરીકે નિમણૂંક થઇ હતી. અને ઓગષ્ટ ૨૦૦૪માં તેઓની પરમેનન્ટ જજ તરીકે નિમણૂંક થઇ હતી.

**(૨) વર્લ્ડ સિક્સ–રેડ સ્નૂકર ચેમ્પિયનશીપ :**
– વિજેતા – પંકજ અડવાણી (ભારત)
– હરિફ – યાન બિંગતાઓ (ચીન)
– આ ચેમ્પિયનશીપનું આયોજન પાકિસ્તાનના કરાચીમાં થયું હતું.
– આ સાથે પંકજે કારકીર્દિનું કુલ ૧૩મું વર્લ્ડ ટાઇટલ જીત્યું હતું અને આઇબીએસએફ વર્લ્ડ સિક્સ રેડ સ્નૂકરમાં તેનું આ બીજું ટાઇટલ છે.

**(૩) જેઠાભાઇ પટેલ :–**
– ગુજરાત કો–ઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (GCMMF) ના ચેરમેન પદે જેઠાભાઇ પટેલ બિનહરીફ ચૂંટાયા.
– જેઠાભાઇ પટેલ સાબરકાંઠા જીલ્લાની સાબરડેરીના ચેરમેન તરીકે વર્ષ ૨૦૧૦ થી કાર્યરત છે.

**(૪) લિબિયા વડાપ્રધાનનું રાજીનામું :**
– તાજેતરમાં લિબિયાના વડાપ્રધાન અબ્દુલ્લા અલ–થિનિએ પોતાના પદ પરથી રાજીનામું આપ્યું.

**(૫) ટેક્નાલોજી ક્ષેત્રના વિશ્વના ૧૦૦ ધનવાન :–**
– તાજેતરમાં પ્રખ્યાત મેગેઝિન ફોર્બ્સ દ્વારા વિશ્વના ટોપ–૧૦૦ ટેક્નાલોજી ક્ષેત્રના ધનવાનોની યાદી બહાર પડાઇ
– આ યાદીમાં ચાર ભારતીયોને સ્થાન મળ્યું છે.
– ટોપ–૫ ધનવાનોની યાદી અને તેમની કંપની :

| ક્રમ | નામ | કંપની |
|---|---|---|
| ૧ | બિલ ગેટ્સ | માઇક્રોસોફ્ટ |
| ૨ | લેરી એલિસન | ઓરેકલ |
| ૩ | જેફ બેઝોસ | એમેઝોન |
| ૪ | માર્ક ઝુકરબર્ગ | ફેસબુક |
| ૫ | જેક માં | અલીબાબા |

– યાદીમાં સ્થાન પામેલ ચાર ભારતીય :

| ક્રમ | નામ | કંપની |
|---|---|---|
| ૧૩ | અઝીમ પ્રેમજી | વિપ્રો |
| ૧૪ | શિવ નાદર | એચસીએલ |
| ૭૩ | રોમેશ વાધવાની | સિમ્ફની ટેક. |
| ૮૨ | ભરત દેસાઇ | સિન્ટેલ |